# તુલા (ર.ત.)



# “નિરાશા અને વિષાદનાં બંધનોમાંથી મુક્ત થઈ આશાઓના પંખ પર સવાર થઈ તેજમય ભવિષ્યનાં સ્વપ્નો સિદ્ધ કરશો”

**ગત વર્ષ દરમિયાન આપ કોઈ ટનલ (બોગદા)માંથી પસાર થઈ રહ્યા છો એવું વખતોવખત આપને લાગતું હશે. પરંતુ આ વર્ષે શરૂઆતથી જ તમે ટનલમાંથી બહાર નીકળી પ્રકાશમય વાતાવરણમાં આવી રહ્યા છો એવું લાગવા માંડશે. નિરાશા અને વિષાદનાં બંધનોમાંથી મુક્ત થઈ આશાઓના પંખ પર સવાર થઈ તેજમય ભવિષ્યનાં સ્વપ્નો સિદ્ધ કરવા તમે ઉત્સાહથી કાર્યાન્વિત રહેશો.**

**જીવનનાં વિવિધ પાસાંઓ પર અસર**

## માનસિક સ્થિતિઃ સુખ-સંતોષની પ્રાપ્તિ

સંવત ૨૦૮૨માં આપની માનસિક સ્થિતિ એકંદરે સ્વસ્થતા અને સંતુષ્ટિવાળી રહેશે. ગુરુના આશીર્વાદરૂપ પ્રભાવથી આત્મવિશ્વાસ, કાર્યપ્રેરણા અને નવી સિદ્ધિઓ માટેનો ઉમંગ વધશે. કામ-ધંધામાં મળતી નવી તક અને સફળતાથી ખુશ રહેશો. જો કે શનિના કારણે જવાબદારીનું ભારણ અને સહકર્મીઓ સાથેના મતભેદથી ક્યારેક ચિંતા અનુભવાશે. રાહુના પ્રભાવથી કલ્પનાશક્તિ વધશે પરંતુ અનિશ્ચિતતા, અસંતોષ કે શંકા મનને સ્થિર કરશે. ભૂતકાળના અસુખદાયી બનાવોને ભૂલીને ધીરજપૂર્વક આગળ વધવું. ધીરજનાં ફળ મીઠાં, હસતે, હસતે કટ જાયેંગે રસ્તે.

## આરોગ્યઃ સંભાળ જરૂરી

લાંબા સમયથી ચાલી રહેલા રોગોમાં રાહત અને સુધારો જણાશે પણ તણાવ, પેટની તકલીફ, બ્લડ પ્રેશર તથા એલર્જી જેવી સમસ્યાઓ રહેવાની શક્યતા. બીજી એપ્રિલ 2026 થી 11મી મે 2026 દરમિયાન **મીન રાશિમાં શનિ અને મંગળની યુતિ થતી હોવાથી આરોગ્ય બાબતે ખાસ સાવચેતી રાખવી.** જો કે વર્ષ દરમિયાન ગુરુની સાનુકૂળતા આપને મોટી આધિ-વ્યાધિ ઉપાધિથી બચાવતી રહેશે.

## વ્યાપાર-ધંધોઃ વૃદ્ધિ અને વિકાસ

આખા વર્ષ દરમિયાન ગુરુના સાનુકૂળ ગોચરને કારણે વ્યાપારધંધામાં વૃદ્ધિ અને વિકાસ જણાશે. નવા મોટા કોન્ટ્રાક્ટ, નવા ગ્રાહકોની પ્રાપ્તિ અને વૃદ્ધિ થાય ઓન લાઈન ધંધામાં કે ટેકનોલોજી આધારિત ધંધામાં લાભ થાય. ટ્રાવેલિંગ, પ્રોપર્ટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, એનર્જી સંબંધિત વ્યાપારધંધામાંથી પણ ફાયદો થાય. મેનેજમેન્ટ કાનૂની અને સલાહકારી વ્યવસાય માટે પણ ફાયદાકારક રહેશે.

## નોકરીઃ પ્રમોશન મળી શકે

ગુરુ દશમા ભાવ (કર્ક) નોકરીમાં પ્રમોશન, નવી જવાબદારી અને પ્રતિષ્ઠા વધશે. ખાસ કરીને મેનેજમેન્ટ, એડમિનિસ્ટ્રેશન, શિક્ષણ અને કાયદાકીય ક્ષેત્રનાં લોકો માટે સારો સમય. શનિ છઠ્ઠા ભાવ (મીન) માં ભ્રમણને કારણે નોકરીમાં ક્યારેક સ્પર્ધા અને તણાવ રહે. સહકર્મીઓ અથવા અધિકારીઓ સાથે મતભેદ શક્ય. છતાં મહેનત અને ધીરજથી તથા સારા સંબંધો જાળવીને પ્રતિસ્પર્ધા જીતી શકશો. **વિદેશ કે મોટાં શહેરોમાં નોકરી માટે મોકો મળી શકે.** વર્ષના મધ્ય ભાગે સ્થિરતા અને લાભ મળશે.

## આર્થિક સ્થિતિઃ ધન-સમૃદ્ધિમાં વૃદ્ધિ

વર્ષ દરમિયાન આપની આવકો, ધન અને સમૃદ્ધિમાં વધારો થતો રહેશે. **વર્ષની મધ્ય ભાગથી આવકમાં વધારો થવાનો સંકેત છે.** સ્વપુરુષાર્થથી આપ ઐશ્વર્ય, ધન અને કીર્તિ પ્રાપ્ત કરશો. ઉત્તમ વાહન સુખ મળશે. જો કે પાંચમા ભાવમાં રહેલા રાહુને કારણે ક્યારેક ગેરઆયોજિત ખર્ચ કે જોખમી રોકાણ તરફ વલણ થઈ શકે છે. તે બાબતે સતર્ક રહેવું.

## પ્રેમ અને પારિવારિક સંબંધોઃ આનંદ રહેશે

ગુરુના આશીર્વાદથી પારિવારિક જીવનમાં ખુશનુમા વાતાવરણ રહેશે. **જીવનસાથીના કારકિર્દી અને સ્વાસ્થ્યમાં સુધારો જોવા મળશે.** વડીલોનો સહકાર મળતો રહે અને જીવનસાથી સાથે સૌહાર્દપૂર્ણ સંબંધો રહે. એકલાં લોકોને નવા પ્રેમસંબંધો કે લગ્નના સંકેતો છે. દંપતીઓને ‘ગુડ ન્યૂઝ’ મળવાના પણ યોગ છે. જો કે પારિવારિક કામોને કારણે તેમજ સંતાનની પ્રગતિની ચિંતાને કારણે થોડી ભાગમભાગ થાય, ખર્ચ પણ થાય પણ એકંદરે સમય સારો રહેશે.




## શિક્ષણઃ બેદરકાર રહેવું નહીં

વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મધ્યમ છે. એકાગ્રતા જાળવવામાં મુશ્કેલી અનુભવાય, મહેનત કરશો તો મહેનતના પ્રમાણમાં ઓછી અને વિલંબિત સફળતા મળશે ખરી. વિદેશમાં અભ્યાસની તક અને સારા અવસર મળી શકે છે. **જો કે ઓવરકોન્ફિડન્સમાં કે બેદરકાર રહ્યા તો અભ્યાસભંગ થવાની સેમેસ્ટર યા વર્ષ નિષ્ફળ જવાની નોબત પણ આવી શકે માટે** નિયમિતતા અને લગનથી અભ્યાસ તથા રિવિઝન કરતા રહેવું.

## કોર્ટ કેસ : ન્યાયની પ્રાપ્તિ થાય

શનિનો છઠ્ઠા ભાવમાં ગોચર હોવાથી લાંબા સમયથી ચાલી રહેલા કેસમાં ધીમે ધીમે રાહત મળે. જો કે **ન્યાય માટે લાંબી લડત આપવી પડશે પણ અંતે ન્યાય મળશે.** ગુરુની કૃપાથી કાનૂની દસ્તાવેજો, એગ્રીમેન્ટ્સ અથવા સરકારી ટેકાની બાબતોમાં સહેલાઈ થશે. ખાસ કરીને પ્રોપર્ટી, વારસાગત હક અથવા નોકરી સંબંધિત કેસોમાં લાભની શક્યતા.

## સરકારી કામકાજ : વિલંબ છતાં સફળતા મળે

નવા લાઇસન્સ, પરમીશન, ગ્રાન્ટ, ટેન્ડર, કે કોન્ટ્રાક્ટ મેળવવા માટે શુભ સમય છે. શનિ-રાહુના પ્રભાવને કારણે પ્રક્રિયામાં કદાચ થોડો વિલંબ થશે પણ અંતે કાર્યસિદ્ધિ મળશે. **જો રાજકારણ કે પબ્લિક લાઇફ સાથે સંકળાયેલા હો તો પ્રતિષ્ઠા અને લોકપ્રિયતા મળશે.**

## પ્રવાસઃ લાભદાયક અને અવસરપ્રદ

આ વર્ષે તીર્થ/યાત્રા, ખાસ કરીને માતા-પિતા અને પરિવારના બધા સભ્યો સાથે થઈ શકે છે. કારકિર્દી અને વ્યાપારધંધાના વિકાસ માટેના પ્રવાસ પણ લાભદાયક રહેશે, વિદેશ યા આંતર-રાજ્ય પ્રવાસના શુભ સંકેત પણ છે. સંતાન/અભ્યાસ સંબંધિત પ્રવાસ પણ સફળ રહેશે.

## સ્ટોક માર્કેટઃ લાંબા ગાળામાં ઉત્તમ ફાયદો

ગુરુ આપની રાશિથી નવમા ભાવમાં (5 મી ડિસેમ્બર, 2026 થી 1 લી જૂન) અને ત્યાર બાદ (1 લી જૂનઃ 2026 થી વર્ષના અંત સુધી) દશમા ભાવમાં ભ્રમણ કરે છે. ધન લાભની તકો આવે. લાંબા ગાળાનાં રોકાણ, ખાસ કરીને ઇન્ફ્રાસ્ટ્રક્ચર, એનર્જી અને બેન્કીંગ શેરોમાં ફાયદો થાય. જો કે રાહુ કુંભ (પાંચમો ભાવ) ના પ્રભાવથી અટકળો અને ટીપ્સ આધારિત ટ્રેડીંગ તરફ આપ લલચાઈ જાવ **પરંતુ ટૂંકા ગાળાના ટ્રેડીંગમાં જોખમ છે એ હંમેશાં યાદ રાખવું.** ક્યારેક મોટો નફો થઇ પણ જાય પણ એકંદરે નુકસાનની શક્યતા જ રહે. લાલચ બૂરી બલા છે, ઉતાવળે આંબા પાકતા નથી. લોન લઈને રોકાણ ટાળવું. સાવચેત રહીને કરેલું રોકાણ ધીમે અને લાંબા ગાળે મોટો નફો આપશે.

## મુખ્ય ગ્રહોની સ્થિતિ અને તેની અસરો

**શનિની અસર :** છઠ્ઠા ભાવમાં શનિ હોવાથી નોકરીમાં સ્પર્ધા, કામનો ભાર અને કાનૂની લડાઇનો સામનો કરવો પડી શકે. ધીરજ અને મહેનતથી પ્રતિસ્પર્ધીઓ પર વિજય મળશે, પરંતુ પ્રક્રિયા ધીમી રહેશે. ક્રોનિક બીમારી, પેટ-સંબંધિત તકલીફ કે માનસિક થાક અનુભવાય. મહેનત કરનાર તુલા જાતકને શનિ અંતે પુરસ્કાર આપશે. “ધીરજ અને નિયમિતતા” મુખ્ય મંત્ર રહેશે.

**ગુરુની અસરઃ** ગુરુ વર્ષ દરમિયાન નવમા અને દશમા ભાવમાં હોવાથી નોકરી-વ્યવસાયમાં પ્રગતિ, પ્રમોશન અને સમાજમાં પ્રતિષ્ઠા વધારશે. **સરકાર, કાનૂન, શિક્ષણ, મેનેજમેન્ટ, ધાર્મિક-સામાજિક ક્ષેત્રમાં નવી તક મળશે.** પરિવાર અને સમાજમાં માન-સન્માન મળશે, માર્ગદર્શક લોકોનો સહકાર મળશે. વધારે આત્મવિશ્વાસ કે અહંકારથી દૂર રહેવું, નહિ તો લાભમાં વિલંબ થઈ શકે.

**રાહુની અસરઃ** રાહુ પાંચમા ભાવમાં હોવાથી આપની કલ્પનાશક્તિ, નવા આઈડિયા અને જોખમ લેવાની વૃત્તિ વધશે. શેરબજાર /સ્પેક્યુલેટિવ રોકાણ, લોટરી, કે ટ્રેડિંગમાં આકર્ષણ વધશે. મોટો નફો પણ મળી શકે, પણ નુકસાનનું જોખમ તેટલું જ વધારે છે. જેથી સાવધાન રહેવું સારું. સંતાનના અભ્યાસ કે સ્વાસ્થ્ય વિષે ચિંતા રહી શકે. અસ્થિરતા, ગેરસમજ કે છૂપા સંબંધો તરફ વલણ થઈ શકે. રાહુ સર્જનાત્મકતા વધારશે - આર્ટ, મીડિયા, ટેકનોલોજી ક્ષેત્રે સિદ્ધિ મળી શકે.